જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૩/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૩૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૯૫	૩	૧૧૨૯૮	૧૭૪૧૫	૩	૧૭૪૧૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૦૫૯	૬	૨૯૦૬૫	૩૦૪૦૭	૧૫	૩૦૪૨૨
કુલ		૪૫૧૨૬	૯	૪૫૧૩૫	૫૪૩૨૬	૧૮	૫૪૩૪૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૭	૮,૨૬,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૮૯	૬,૮૯,૦૦૦/-

લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રીક્ષામા પેસેન્જર બેસાડીને અવાવરૂ જગ્યા પર લઇ જઇ લુંટ કરતી ટોળકીના ચાર સભ્યોને પકડી પાડી ગણતરીના દિવસોમા લુંટના ગુનાનો ભેદ ઉકેલતી વેજલપુર પોલીસ

આ ગુનાના કામે તા. ૦૫/૦૩/૨૦૨૧ ના રોજ વહેલી સવારે આ કામના ફરીયાદી વાપી થી પોતાના વતન સાણંદ જવા પ્રાઇવેટ ગાડીમા બેસી એક્સપ્રેસ હાઇ-વે ખાતે ઉતરી સરખેજ તરફ જવા માટે રીક્ષામા બેસેલ, અને શાસ્ત્રી બ્રીજ થી ફતેવાડી મેટ્રો સ્ટેશન તરફ જવાના રોડ ઉપર જતા રીક્ષા ડ્રાઇવરે ટોઇલેટ કરવાના બહાને રીક્ષા રોકી રીક્ષા ડ્રાઇવરે તથા રીક્ષામા પહેલે થી બેસેલ એક ઇસમ એમ બંને જણાએ ભેગા મળી પોતાની પાસેની છરીઓ કાઢી આ કામના ફરીયાદીને બતાવી ફરીયાદીની સોનાની ચેન, તેની પાસેની ટ્રોલી બેગ, પાકીટ, વિગેરે વસ્તુઓ લુંટી લઇ ફરીયાદીને રોડ ઉપર ઉતારી દઇ રીક્ષા લઇ નાસી ગયેલ

જે લુંટના ગુનાની ગંભીરતા ધ્યાને લેતા મે. પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તથા મે. અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી “સેક્ટર-૧” તથા મે. નાયબ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી “ઝોન - ૭” તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી “એમ” ડિવીઝન નાઓએ મૌખીક સુચના આપેલ કે અમદાવાદ શહેર “ઝોન – ૭” વિસ્તારમાથીમાં મિલકત સબંધી તથા લુંટના અનડીટેક્ટ ગુનાઓ સત્વરે શોધી કાઢવા સારૂ સુચના કરતા પોલીસ ઈન્સ્પેકટર સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. શ્રી બી.ડી.ભટ્ટ નાઓ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી લુંટનો ગુનો સ્ત્વરે ડીટેક્ટ કરી લુંટમા વપરાયેલ રીક્ષા તથા આરોપીઓની ઓળખ કરવા સી.સી.ટી.વી. ફુટેજ આધારે તપાસ હાથ ધરેલ.

જે લુંટ બાબતે બે ટીમો બનાવી બંને ટીમોને અલગ-અલગ ટાસ્ક સોપેલ, જેમા ટીમ “એ” દ્વારા અમદાવાદ સીટી કંન્ટ્રોલ તથા અમદાવાદ મ્યુનીસીપલ કંન્ટ્રોલ રૂમ, પાલડી ખાતે સતત બે દિવસ સુધી રીક્ષાના જુદા જુદા નંબર થી સર્ચ તપાસ કરાવેલ તથા બીજી ટીમ “બી” દ્વારા એક્સપ્રેસ હાઇ-વે થી શાસ્ત્રી બ્રીજના છેડા સુધીના રસ્તા ઉપરના અનેક સીસીટીવી ફુટેજ ચેક કરાવતા રીક્ષા બાબતેનુ વર્ણન જાણવા મળેલ, બાદ ટીમ “એ” દ્વારા કન્ટ્રોલ રૂમના કેમેરામા જુદા જુદા અનેક નંબરની રીક્ષાઓ સર્ચ કરી વર્ણનવાળી રીક્ષા સાથે સરખામણી કરી જોતા અનેક પ્રયત્નો બાદ ઉપરોક્ત ગુનામા વપરાયેલ રીક્ષાનો નંબર GJ-01-DX-3319 હોવાની હકિકત જણાઇ આવેલ અને સદર રીક્ષા રામોલ થી સરખેજ તરફ અવાર-નવાર આવ-જા કરતી હોવાનુ જાણવા મળેલ.

જેથી ઉપરોક્ત રીક્ષાને સત્વરે શોધી કાઢવા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ શ્રી બી.ડી ભટ્ટ તથા મ.સ.ઇ ગીરીરાજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં ૭૬૦૨ તથા હે.કો. રાકેશભાઇ ધનજીભાઇ બ.નં ૪૯૧૬ તથા હે.કો. જોગાભાઇ કરમણભાઇ બ.નં ૪૯૪૨ તથા હે.કો. નસરૂલ્લાખાન હબીબખાન બ.નં ૯૭૧૦ તથા હે.કો. અશોકભાઇ સેંધાભાઇ બ.નં ૮૬૩૨ તથા પો.કો. જનકસિંહ ઘનશ્યામસિંહ બ.નં ૧૩૦૯૪ તથા પો.કો સિધ્ધરાજસિંહ રતનસિંહ બ.નં ૯૪૯૧ તથા પો.કો. રવિરાજસિંહ નટુભા બ.નં ૮૫૯૦ તથા પો.કો. સુરેશભાઇ લાલજીભાઇ બ.નં ૧૦૩૪૦ તથા લોકરક્ષક યશપાલસિંહ બટુકસિંહ બ.નં ૧૨૩૦ તથા લોકરક્ષક મિતેશભાઇ અશોકભાઇ બ.નં ૪૯૧ વિગેરે સ્ટાફના માણસો સાથે ઉપરોક્ત નંબરવાળી રીક્ષાની ખાનગી રીતે વોચ તપાસમા હતા દરમ્યાન લોકરક્ષક યશપાલસિંહ બટુકસિંહ બ.નં ૧૨૩૦ તથા લોકરક્ષક મિતેશભાઇ અશોકભાઇ બ.નં ૪૯૧ નાઓને પોતાના ખાનગી બાતમીદાર થી ઉપરોક્ત નંબરવાળી રીક્ષા શાસ્ત્રીબીજ થી ફતેવાડી મેટ્રો સ્ટેશન થઇ ફતેવાડી તરફ જવાની હકિકત મળતા ફતેવાડી મેટ્રો સ્ટેશનની દિવાલ પાસે છુટા-છવાયા વોચ રહેલા બાદ ઉપરોક્ત નંબરવાળી રીક્ષા આવતા તેને રોકી લઇ તેમા રહેલા બે ઇસમોને પકડી લઇ તેઓનુ નામ-ઠામ પુછતા પ્રથમ રીક્ષા ચાલકે પોતે પોતાનું નામ (૧) રમજાન ઉર્ફે ભુરીયા સ/ઓફ રજ્જાકભાઇ અબ્દુલભાઇ જોગાણી (મુસ્લીમ) ઉ.વ-૩૧ રહે-મકાન નં-૨૮ અમનપાર્ક મરઝાન રેસીડેન્સીની બાજુમાં ચાર કેનાલની પાસે વટવા અમદાવાદ શહેર નાઓનું હોવાનું જણાવેલ તથા રીક્ષાની ડ્રાઈવરની પાછળની સીટ ઉપર બેસેલા ઈસમનું નામ ઠામ પૂછતા પોતે પોતાનું નામ (૨) વસીમ ઉર્ફે ફટેલી સ/ઓફ અબ્બાસમીયા દોશુમીયા શેખ ઉ.વ-૨૯ રહે-મકાન નં-એ/૭૦ જશ નગર જનતા નગરની બાજુમાં રામોલ અમદાવાદ શહેર તથા હાલ રહે-મોમીનપાર્ક સોસાયટી બીબી તળાવ પાસે નારોલ રોડ વટવા અમદાવાદ શહેર નાઓને પકડી પાડી અંગ જડતી તપાસ કરતા (૧) રમજાન ઉર્ફે ભુરીયા સ/ઓફ રજ્જાકભાઇ અબ્દુલભાઇ જોગાણી (મુસ્લીમ) નાની પાસેથી રોકડા રૂ ૨૬૦૦/-થયેલા વીવો કંપનીનો મોબાઈલ તથા ધારદાર છરી મળી આવેલ તથા (૨) વસીમ ઉર્ફે ફટેલી સ/ઓફ અબ્બાસમીયા દોશુમીયા શેખ (મુસ્લીમ) અંગ જડતી કરતા રોકડા રૂ ૩૫૦૦/- તથા MI કંપનીનો મોબાઈલ તથા ધારદાર છરી મળી આવેલ જેથી બંને ઇસમોને પોલીસ સ્ટેશન લાવી યુક્તિ-પ્રયુક્તિ વડે પુછપરછ કરતા સદરી ઈસમોએ ગઈ તા-૦૫/૦૩/૨૦૨૧ ના રોજ રાત્રીના આશરે સાડા ચારેક વાગ્યાની આસપાસ એક પેસેન્જરને ઉપરોકત રીક્ષામાં CTM થી બેસાડી સરખેજ તરફ જવાનુ રૂ ૫૦/- ભાડુ નક્કી કરી રીક્ષામાં બેસાડી ફતેવાડી મેટ્રો સ્ટેશન રોડ ઉપર ટોયેલેટ (પેશાબ) કરવાના બહાને રીક્ષા ઉભી રાખી સદરી રીક્ષામાં બેસાડેલ ઈસમને છરી બતાવી તેના ખિસ્સામાંથી રોકડા રુપીયા તથા તેની પાસે રહેલ કપડા ટ્રોલી બેગ તથા કોલેજ બેગ તેમજ ગળામાં પહેરેલ સોનાની ચેઈન તોડી લઈ પેસેન્જરનેરીક્ષામાંથી નીચે ઉતારી રીક્ષા ચાલુ કરી ભાગી ગયેલ હોવાનું જણાવેલ. જેથી ઉપરોક્ત લુંટ કરેલ સોનાની ચેન, ટ્રોલી બેગ તથા કોલેજ બાબતે પુછપરછ કરતા કોલેજ બેગ રમજાનને રાખી લીધેલ અને ટ્રોલી બેગ તથા સોનાની ચેન વસીમે તેની બહેન તથા જીજાજીને આપેલાની હકિકત જણાવેલ જેથી પકડાયેલ આરોપીઓ રમજાન ઉર્ફે ભુરીયા, વસીમ ઉર્ફે ફટેલી તથા વસીમની બહેન શબાના વા/ઓ આસિફ મહેબુબખાન પઠાણ તથા જીજાજી આસિફ મહેબુબખાન પઠાણ નાઓની ગુનાના કામે ઘરની જડતી તપાસ કરી લુંટમા ગયેલ મુદામાલ રીકવર કરવામા આવેલ છે.

ઉપરોક્ત આરોપીઓ (૧) રમજાન ઉર્ફે ભુરીયા સ/ઓફ રજ્જાકભાઇ અબ્દુલભાઇ જોગાણી (મુસ્લીમ) (૨) વસીમ ઉર્ફે ફટેલી સ/ઓફ અબ્બાસમીયા દોશુમીયા શેખ (મુસ્લીમ) તથા (૩) શબાના વા/ઓ આસિફ મહેબુબખાન પઠાણ (મુસ્લીમ) તથા (૪) આસિફ @ આસુ મહેબુબખાન પઠાણ નાઓને કોવીડ-૧૯ (કોરોના ટેસ્ટ) કરાવી આગળની કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરવામા આવેલ છે. આમ વેજલપુર પોલીસ સર્વેલન્સ સ્કોડ દ્વારા રીક્ષામા પેસેન્જર બેસાડીને અવાવરૂ જગ્યા પર લઇ જઇ લુંટ કરતી ટોળકી ના ચાર સભ્યોને પકડી ગણતરીના દિવસોમા લુંટનો ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરવામા આવેલ છે.

<u>શોધાયેલ ગુનાની વિગત :</u>

વેજલપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૬૨/૨૦૨૧ ઇ.પી.કો.કલમ ૩૯૨, ૩૯૭, ૧૧૪, જી.પી.એક્ટ કલક ૧૩૫(૧) મુજબ





નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

અમદાવાદ જીલ્લાના ધોળકા રૂલર પોલીસ સ્ટેશનના ઢોર ચોરીના-૨ ગુના તથા અસલાલી પોલીસ સ્ટેશનના ઢોર ચોરીના-૧ ગુનામા વોન્ટેડ આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા એ.એસ.આઇ પી.આર.ચાવડા તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે ધોળકા રૂરલ પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૨૦૬૪૨૧૦૦૯૬/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ તથા ધોળકા રૂરલ પોલીસ સ્ટેશન ગુના નં ૧૧૧૯૨૦૬૪૨૧૦૧૦૮ /૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ તથા પ્રાણી ક્રુરતા અધીનીયમ ૧૯૬૦ ની નકલ ૧૧ ધ,ચ તથા અસલાલી પોલીસ સ્ટેશન ગુના નં.૧૧૧૯૨૦૦૨૨૧૦૧૮૧/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ એનીમલ એક્ટ ૧૧ ધ,ચ વિગેરેના ગુનામા વોન્ટેડ આરોપી શાહિદશાહ ઉર્ફે બટકો શાબીરશાહ દિવાન ઉ.વ ૨૨ રહે ચડોળા તળાવના કાચા છાપરા જે વોર્ડ ચડોળા તળાવ ઇસનપુર અમદાવાદ શહેરનાને શાહઆલમ ચઢડોળા તળાવ ગરીબનવાઝ મસ્જીદ પાસેથી તા.૦૭/૦૩/૨૦૨૧ ના કલાક ૨૨/૦૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી પાડી અસલાલી પોલીસ સ્ટેશન ખાતે સોપવામા આવેલ છે તા.૦૮/૦૩/૨૦૨૧



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સારૂ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા સર્વેલન્સ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા ઇસનપુર ચંડોળા પાળ ખોડીયારમાતાના મંદિર પાસે આવતા અ.પો.કો દશરથભાઇ પરસોત્તમભાઇ તથા લોકરક્ષક પ્રસાંત મોતીલાલ નાઓને મળેલ સયુક્ત બાતમી હકિકત આધારે ચંડોળા પાળ નીલગીરીના છાપરા લક્ષ્મીબેનના ઘરની સામે ખુલ્લા પ્લોટમા જાહેરમા ગંજીપાનાથી પૈસાનો હારજીતનો તીનપત્તીનો જુગાર રમી રમાડતા નવ આરોપીઓને કુલ રૂપિયા ૧૫,૨૮૦/-ના મુદ્દામાલ સાથે તા ૦૭/૦૩/૨૦૨૧ ના કલાક ૧૯/૩૦ વાગે પકડી પાડી ઇસનપુર પો.સ્ટેશન ગુના નં પાર્ટ-B-૧૧૧૯૧૦૨૨૨૧૦/૨૦૨૧ જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે તા.૦૮/૦૩/૨૦૨૧

પકડાયેલ આરોપીઓ

(૧) પ્રવિણ ઉર્ફે પપ્પુ રામદેવસિંહ રાજપુત ઉ.વ ૩૫ રહે, નીલગીરીના છાપરા ચંડોળા તલાવપાળ ઇસનપુર અમદાવાદ શહેર

(૨) રમાકાંત ઉર્ફે ભુરીયો આત્મારામ સકસેના ઉ.વ ૩૨ રહે, નીલગીરીના છાપરા ચંડોળા તલાવપાળ ઇસનપુર અમદાવાદ

(૩) નાસીર ઉર્ફે લેધો અબ્દુલઅમીન શેખ ઉ.વ.૩૨ રહે,મ.નં ૧૯૩ કુત્બેઆલમ કોલોની વટવા

(૪) સુરેશ ઉત્તમભાઇ ઓડ ઉ.વ.૩૪ રહે, દશામાતાના મંદીરની સામે ચંડોળા પાળ ઇસનપુર

(૫) પ્રિન્સ સ\ઓ લાલસિંહ ઠાકુર ઉ.વ ૨૨ રહે, મ.નં.૨૦ રૂમ ટી.વી.વાળી ચાલી સરદાર ચોક પાસે વિશાલનગર ઇસનપુર

(૬) સુરેશ સ\ઓ મધુભાઇ દેવીપુજક ઉ.વ.૩૦ રહે, હરીપુરાના છાપરા સેવંડે સ્કુલની બાજુમા ખોખરા

(૭) પ્રકાશ ગણેશભાઇ ઠાકોર ઉ.વ.૩૫ રહે, ગાંડાભાઇ રબારીના મકાનમા ભાડેથી ગણેશનગર આદર્શ ટેનામેન્ટની આગળ ઇસનપુર

(૮) દિનેશ કાંતીભાઇ દેવીપુજક (ઝાલાવાડી) ઉ.વ.૨૬ રહે, સુભાષનગરના છાપરા કેડીલાબ્રીજની આગળ રેલ્વે ફાટક જોડે જશોદાનગર ચોકડી પાસે અમદાવાદ શહેર

(૯) અજય સ\ઓ રામજીભાઇ દેવીપુજક ઉ.વ.૧૯ રહે, બબાપટેલની ચાલી ઉત્તમનગર ઇસનપુર

કબ્જે કરેલ મુદ્દામાલ

(૧) રોકડા નાંણા રૂપિયા ૧૫,૨૮૦/-

(૨) ગંજીપાના નંગ-૫૨ કિંમત રૂપિયા ૦૦/૦૦

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૩૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૯૨૦ લીટર દેશી દારૂ, ૫૨૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૬૮ બિયર ટીન અને ૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬,૪૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૩૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૪૩૯/૨૦૨૧**

વટવા : જીમીશાબહેન વા/ઓ જગદીશભાઇ બારોટ (ઉ.વ.૪૨)(રહે.રૂપવીલા બંગ્લોઝ, મહાલક્ષ્મી કોર્નર પાસે, વટવા) એ તા.૦૮/૦૩/૨૦૨૧ નાં રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૧૧/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે આરોપી મહાકાલી જ્યોતિષ રાહુલકુમાર નરેન્દ્રકુમાર ભાર્ગવ (રહે.ગામ.આનંદપુર કાળુ, પાલી, રાજસ્થાન) એ જીમીશાબહેનના ઘરમા રહેલ ગુપ્તધન આપવાનુ કહી, જીમીશાબહેનને લાલચ આપી વિશ્વાસ કેળવી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૬૧,૬૧૧/- મેળવી લઇ, કોઇ ગુપ્તધન નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતાબહેન યોગેશકુમાર ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૪૪૦/૨૦૨૧**

સરખેજ : ઘનશ્યામભાઇ ભવરલાલ ચાંડક (ઉ.વ.૪૬)(રહે.ક્રિષ્નાન ઘર, નવા વણઝર, ઉજાલા સર્કલ પાછળ, સરખેજ) એ તા.૦૮/૦૩/૨૦૨૧ નાં રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૨/૨૦૨૧ સાંજ ના ૬/૦૦ થી તા.૦૯/૦૨/૨૦૨૧ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન સાણંદ સર્કલ નજીક જલારામ એસ્ટેટ, અમરનાથ મેટલ, ગોડાઉન નં-૧૯ ખાતેના પોતાના ગોડાઉનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, ગોડાઉનમાંથી સ્ક્રેપનો કોપર કુલ કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

બીજા માળેથી પડી જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૪૪૧/૨૦૨૧**

નારણપુરા : પંકજભાઇ કનુભાઇ પરમાર (ઉ.વ.૩૦)(રહે.ધનહરી પાર્ક સોસાયટી, અર્બુદાનગરની બાજુમા, ચાંદલોડીયા) તા.૦૮/૦૩/૨૦૨૧ સવારના ૧૦/૩૦ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન વિજયનગર સ્કુલના બીજા માળે આવેલ બહારની સાઇડની ગેલેરી ઉપરથી લાકડાની સીડી વાટે નીચે ઉતરવા જતા, પંકરજભાઇનો પગ નહિ પહોચતા અકસ્માતે બીજા માળેથી નીચે પટકાતા, માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ બચુભા ચલાવે છે.

એલીસબ્રીજ : પ્રવિણભાઇ કાનજીભાઇ સોમૈયા (ઉ.વ.૪૫)(રહે, ગાંધીનગર સોસાયટી, જુના વાડજ) તા.૦૮/૦૩/૨૦૨૧ સાંજ ના ૫/૧૫ વાગ્યાના સુમારે નિયોજનનગર સોસાયટી માણેકબાગ ખાતે મકાનનુ રીપેરીંગ કામ કરતા હતા દરમ્યાન કોઇ કારણસર બીજા માળેથી નીચે પડી જતા માથામાં ઇજા થતા સારવાર માટે તેમને વા.સા.હોસ્પિટલ ખાતે લાવતા સાંજના ૫/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હીરાભાઇ મુળજીભાઇ ચલાવે છે.

અપમૃત્યુ :- **સમાચાર યાદી નં.૪૪૨/૨૦૨૧**

રામોલ : ગણેશ બાબુલાલ સુથાર (ઉ.વ.૨૦)(રહે.રાજીવપાર્ક, તક્ષશીલા સ્કુલની પાસે, મીરાબાઈ સર્કલની સામે ઓઢવ) તા.૦૭/૦૩/૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે રબારી કોલોની પાસે એ.બી.સી કોમ્પ્લેક્ષની પાસે રાજકેસરી કોમ્પ્લેક્ષ પ્લોટનં ૧ અષ્ટવિનાયક ઇન્ડસ્ટ્રીઝ ખાતે હેલ્પર તરીકે ફેક્ટરીમાં કામ કરતા હતા ત્યારે કેઇનથી ઉપાડેલ લોખંડની પ્લેટ જમીન ઉપર મુકવા જતા અકસ્માતે નમી જતા પ્લેટની ટક્કર વાગતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા તા.૦૮/૦૩/૨૦૨૧ ના કલાક ૦૦/૧૨ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિંહ પર્વતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૪૩/૨૦૨૧**

ઘાટલોડીયા : પ્રવિણભાઇ ગોવિદલાલ ગજ્જર (ઉ.વ.૬૦)(રહે.ઇંદ્ર ગર્વમેન્ટ સોસાયટી, ગુરૂકુળ રોડ, મેમનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૩/૨૦૨૧ સવારના ૧૦/૩૦ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગિરવતસિંહ રામસિંહ ચલાવે છે.

રીવરફ્રન્ટ વેસ્ટ : કિરણભાઇ કનુભાઇ સોલંકી (ઉ.વ.૨૬)(રહે.યોગેશ્વરનગર વિભાગ-૨, ગુપ્તાનગર વાસણા) એ અગમ્ય કારણોસર તા.૦૮/૦૩/૨૦૨૧ ના કલાક ૯/૪૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે પશ્ચિમ કિનારે સરદારબ્રિજ નીચે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદિશચંદ્ર આત્મારામ ચલાવે છે.

શાહપુર : સુંદર પ્રતાપભાઇ દાંતણીયા (ઉ.વ.૨૬)(રહે.બુખારાની પોળ, શાહપુર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૩/૨૦૨૧ ના કલાક ૧૧/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દરવાજાના હુક સાથે કપડાનો ગાભો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

વાસણા : વિક્રમસિહ અમરસિહ મહીડા (ઉ.વ.૫૪)(રહે.વાડીલાલ એપાર્ટમેન્ટ સ્વામીનારાયણ પાર્ક ની પાછળ, વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૩/૨૦૨૧ રાતના ૧૧/૦૦ પછી કોઈપણ સમયે પોતાના ઘરે પંખા સાથે સાલ બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભાવનેશભાઇ દિલીપભાઇ ચલાવે છે.

વેજલપુર : સુભાષભાઇ લક્ષ્મન સકપાલ (ઉ.વ.૫૪)(રહે.શ્રીનાથ એપાર્ટમેન્ટ વસ્ત્રાપુર રેલ્વે ક્રોસિંગ પાસે, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૩/૨૦૨૧ ના ૧૧/૦૦ થી તા.૦૮/૦૩/૨૦૨૧ ના કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે પોતાના ઘરે બેડરૂમના પંખા સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સિરાજુદ્દિન યુનુશભાઇ ચલાવે છે.

વટવા : મોહમદહાસિદ અલ્તફઅહેમદ અંસારી (ઉ.વ.૧૮)(રહે.અલ્ફલા ટેનામેન્ટ, બીજા માળે મકદુમનગરની સામે, સૈયદવાડી વટવા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૩/૨૦૨૧ ના કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ ગીબાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી